જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૯/૨૦૧૮ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-    સમાચાર યાદી નં.૧૮૧૦/૧૮

## ભારતીય બનાવટનો વિદેશી દારૂની ૬૦ બોટલો સાથે આરોપીઓને પકડી પાડતી મેઘાણીનગર પોલીસ

અધિક પો.કમી.સા.શ્રી સેકટર-૨ સાહેબ તથા ના.પો.કમી શ્રી ઝોન-૪ સાહેબ નાઓની સુચના તથા મ.પો.કમી.શ્રી "જી" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ સીનીયર પોલીસ ઇન્સપેક્ટર નાઓ તથા સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ વી.એસ.સિંધવ તથા મ.સ.ઇ દિનેશભાઇ મીઠાલાલ બ.ન. ૭૬૧૧ તથા મ.સ.ઇ દિલીપભાઇ ઇશ્વરભાઇ બ.ન. ૭૬૨૦ તથા પો.કો. સંદિપભાઇ મંગાભાઇ બ.ન. ૩૬૮૯ તથા પો.કો. જયેશકુમાર ભીખુભાઇ બ.ન. ૮૪૮૯ તથા પો.કો. દિનકરકુમાર ભીખાભાઇ બ.ન. ૩૦૪૨ તથા પો.કો. અશ્વિનભાઇ નટુભાઇ બ.ન. ૩૪૫૧ તથ એલ.આર. કિરણસિહ ગોપાલસિહ બ.ન. ૧૨૪૩ નાઓ પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીગમા હતા. દરમ્યાન મ.સ.ઇ દિનેશકુમાર મીઠાલાલ નાઓની બાતમી હકીકત આધારે (૧) રવિન્દ્રસિંહ રામસેવક પાલ ઉવ.૩૨ રહે.૭/બી/૧૭૩ પુષ્પાનગર ભાર્ગવરોડ મેઘાણીનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ. બલરઇ તા.જશવંતનગર જિ.ઇટાવા ઉત્તરપ્રદેશ તથા (૨) પ્રકાશભાઈ ખેમચંદ જયસ્વાલ ઉ.વ.૩૧ રહે.રાજનગર મીલની ચાલી અલ્લાહ માલિકના તકીયા પાસે ઈદગાહ બ્રિજની નીચે અમદાવાદ શહેર મૂળ ગામ- હાંસલપુર તા.સાંભર જી.જયપુર રાજસ્થાન નાને ભારતીય બનાવટની વિદેશી દારૂની ૬૦ બોટલો કિ. રૂ. 30000/- તથા મોબાઇલ ફોન નંગ-૩ કિ.રુ. ૬,૬૦૦/- તથા નંબર વગરની એકસેસ ગાડી કિ.રુ.૫૦,૦૦૦/- તથા સોની કંપનીનો કેમેરો કિ.રુ.૭,૦૦૦/- મળી કુલ્લે રૂ. ૯૩,૬૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી પાડી પ્રોહી ગુ.ર.નં-૫૩૯૯/૧૮ ધી ગુજરત પ્રોહી એકટ કલમ ૬૬બી, ૬૫(એ)ઇ, ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે. તા, ૧૬/૯/૧૮

## મીલકત સબંધી ગુનાના આરોપીઓને ચોરીના મુદ્દામાલ સાથે પકડી પાડતી મેઘાણીનગર પો.સ્ટે ની પોલીસ

અધિક પો.કમી.સા.શ્રી સેકટર-૨ સાહેબ તથા ના.પો.કમી શ્રી ઝોન-૪ સાહેબ તથા મ.પો.કમી.શ્રી "જી" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના તથા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર મેઘાણીનગર પો.સ્ટે નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડ ના પો.સ.ઈ વી.એસ.સિંધવ તથા સર્વે સ્કોડના માણસો મીલકત સબંધી ગુના શોધવા તથા અટકાવવા સારૂ મેઘાણીનગર પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીગ મા હતા દરમીયાન પો.કો અશ્વિનકુમાર નટુભાઇ બ.ન. ૩૪૫૧ તથા એલ.આર કિરણસિહ ગોપાલસિહ બ.ન. ૧૨૪૩ નાઓની બાતમી હકીકત આધારે મેઘાણીનગર પો.સ્ટે ફ.ગુ.ર.નં- ૧૧૭/૧૮ ઇપીકો કલમ ૩૮૦ મુજબના કામના આરોપી પવન ઉર્ફે રૂપેશ વિરમલાલ કુશવાહ ઉ.વ. ૨૩ રહે. પ્રતાપસિગની લાઇન, કુભાજીની ચાલી, રામેશ્વર બ્રીજ પાસે, મેઘાણીનગર અમદાવાદ વાળાને ચોરીએ ગયેલ મુદ્દામાલ મોબાઇલ ફ્રોન નંગ -૩ કિંમત રૂ/- ૧૦૫૦૦/- તથા એકસેસ ગાડી ની કિ.રૂ. ૫૫૦૦૦/- ગણી કુલ્લે રૂ. ૬૫,૫૦૦/- ની મત્તાનો મુદ્દામાલ સાથે આજરોજ તા, ૧૬/૯/૧૮ ના કલાક ૨૦/૧૦ વાગ્યે પકડી અટક કરી સારી કામગીરી કરેલ છે. તા, ૧૬/૯/૧૮

### રામોલ પોલીસ સ્ટેશન
### (ચાર) આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત
### પ્રોહીબીશન સબંધી

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી ક્રમાંક:- નં.(૧)પીસીબી/ડીટીએન/૮૬૦/૧૮ તા.૧૫/૦૯/૨૦૧૮ થી પાસા અટકાયતી ભાનુભાઇ રાવજીભાઇ જાતે તળપદા ઉવ ૪૪.રહે ગીરધરનગર નો વાસ ગામખેડા-નડીયાદ જી-ચલાલી તા - નાઓને પાસા હુકમની ક.૨૦/૪૫ વાગે બજવણી કરી અને ભુજ જેલ ખાતે તથા નં.(૨) પીસીબી/ડીટીએન/૮૬૧/૧૮ તા.૧૫/૦૯/૨૦૧૮ થી પાસા અટકાયતી સુરેશભાઇ ઉર્ફે લાલો સઓ રાવજીભાઇ / ૪૫.જાતે તળપદા ઉવરહે ઇંદીરાનગર ગામખેડા-નડીયાદ જી -ગુતાલ તા - નાઓને પાસા હુકમની ક.૨૧/૧૫ વાગે બજવણી કરી અને રાજકોટ જેલ ખાતે તથા નં.(૩) પીસીબી/ડીટીએન/૮૬૨/૧૮ તા.૧૫/૦૯/૨૦૧૮ થી પાસા અટકાયતી રઇજીભાઇ પસાભાઇ જાતે તળપદા ઉવ ૪૮.રહે ઇંદીરાનગર ગામ -ગુતાલ તા - ખેડા-નડીયાદ જી નાઓને પાસા હુકમની ક.૨૦/૧૫ વાગે બજવણી કરી ભાવનગર જેલ ખાતે તથા નં.(૪) પીસીબી/ડીટીએન/૮૬૫/૧૮ તા.૧૫/૦૯/૨૦૧૮ થી પાસા અટકાયતી અશોકભાઇ મનુભાઇ પરમાર ઉવ.૩૪ રહે. મ.નં.બી/૧૦૨ આકૃતી એપાર્ટમેંટ રંગોલીનગર પાસે નારોલ અમદાવાદ શહેર નાઓને પાસા હુકમની ક.૧૯/૪૫ વાગે બજવણી કરી ભાવનગર જેલ ખાતે મોકલી આપેલ છે

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.